અમેરિકાના બનાવટી ફૂલો વચ્ચે સુવાસિત ગુલાબનું ફૂલ

(સત્યઘટના)

- ડો. મફતલાલ પટેલ

ગોરધનભાઇ રાહવે (ન્યૂજર્સી) ઉપર મને લેવા આવ્યા. તેઓની સાથે સોમરસેટ, ન્યૂજર્સીમાં આવેલી વાલનટ એવન્યૂમાં જવાનું થયું. ગોરધનભાઇ ૬૦ વર્ષની ઉંમર, લાગે નહિ કે ૬૦ વર્ષના હશે. યુવાન જ લાગે. તરવળાટ પણ એટલો જ. આળસ જરાયે નહિ. અમે બન્ને સોમરસેટ તરફ જઇ રહ્યા હતા. રસ્તામાં વાત શરૂ થઇ. ત્રણ વર્ષ પછી મળેલા ને ત્રણ વર્ષ દરમિયાન જીવનનો ઘણો બધો પ્રવાહ બદલાઇ ગયો હતો.

મેં વાત શરૂ કરી : 'હમણાં તમે ઇન્ડીયા આવ્યા નથી.'' ત્યારે તેઓએ કહ્યું 'પ્રોબ્લેમ હતા, ને છેલ્લા બે વર્ષ સંઘર્ષમાં ગયા. હું મારી લેબ, ધંધામાં પણ ધ્યાન આપી શક્યો ન હતો."

'શાનો પ્રોબ્લેમ ?' આ પ્રશ્ન મેં પૂછ્યો નહિ. મને થોડી વાત ઉષાએ કરી હતી. ઉષા મારા ગામની ને ગઈ વખતે હું આવ્યો ત્યારે તેણે વાતવાતમાં વાત કહી દીધેલી, ગોરધનભાઇ અને તેઓની પત્ની હીરાબેનની. ગોરધનભાઇની વિદ્વતા, તેઓની કાર્યશક્તિ તેમજ એક સારા વૈજ્ઞાનિક તરીકેની ઊંડી છાપ વર્ષોથી મારા મન-મસ્તિષ્ક ઉપર છે. બાળપણ અને યૌવન મણુંદની રેતમાં પસાર કરેલું. કેટલા બધા સંઘર્ષો વચ્ચે માનવીએ પોતાનું જીવન ઘડ્યું છે. તેઓએ જાતે જ સ્વનિર્ભર પોતાના જીવનઘરની ઇમારતની દરેક ઇંટમાં સુવાસનું આરોપણ કર્યું છે. અહીં ભર્યું ભર્યું ઘર બનાવ્યું. અમેરિકામાં પોતાના કાર્યની, સંશોધનોની મોટી પ્રતિષ્ઠા ઊભી થઇ. ભગવાને બે સરસ મજાનાં બાળકો આપ્યાં. આર્થિક, માનસિક, શારીરિક કોઇ તકલીફ નહિ. જીવનનૈયાનું સુંદર પ્રભાત પાંગર્યું. ચારે બાજુ સુવાસ ફેલાઇ. પક્ષીઓની કિલકિલાટ વચ્ચે હૃદયસારમાં આનંદ, પરમાનંદ.

...ને છેલ્લું જીવન અતિભવ્ય બની રહ્યું હતું ત્યારે 'હીરા'એ પોતાનો સાથ સહકાર છોડી દીધો, ને તે અલગ રહેવા ગઇ. કારણો ઘણાં હશે, ને કોઇપણ પરિણામનું કારણ લાંબા ગાળાનું હોય છે.

મારા મનમાં અનેક પ્રશ્નો ઊભા થયા. આટલી ઉંમરે આવું પણ બને છે ને આ ઉમરે આવું બને ત્યારે પુરૂષની વેદના અસહ્ય હોય છે. પુરૂષનો આધારસ્તંભ સ્ત્રી છે. પતિના દરેક કાર્યમાં પત્નીનું હૃદય ન પરોવાય તો પતિની ગતિ વધતી જ નથી. પતિની કાર્યશક્તિ તૂટી પડે છે. પુરૂષની પ્રેરણાસ્ત્રોત સ્ત્રી જ રહી છે. જગતમાં જેટલા મહાન પુરૂષો થયા, તે બધાની પ્રેરણામાં તેઓની પત્ની કે પ્રેયસી છે. સ્ત્રી પાસે હૈયું છે પ્રેમનું. પોતાના પતિને ઠપકો આપે, કોઇવાર ઝગડે, રડી પડે પણ તેના હૃદયસાગરમાં પતિ પ્રત્યેનો અપાર પ્રેમ છલકાતો હોય છે ને પુરૂષ પણ બધું સમજતો હોય છે. એને પોતાની પત્નીનો ઠપકો ગમે છે. કારણ પુરૂષ પ્રેમનો ભૂખ્યો છે. પ્રેમ વિના કદી પૌરૂષ પાંગરતુ નથી, પાંગરવાનું નથી. સ્ત્રીના જીવનમાં પ્રેમ જ અતિ મહત્ત્વની બાબત છે.

બાળપણમાં માનો પ્રેમ, યૌવનાવસ્થામાં પત્નીનો પ્રેમ ને વૃદ્ધાવસ્થામાં પતિ-પત્નીની પારસ્પારિક હૂંફ અને પુત્ર-પુત્રી કે પૌત્રોનો પ્રેમ જીવનની ઔષધ છે.

સાઇઠ વર્ષ પછી પતિ-પત્નીના જોડામાંથી એક તૂટે ત્યારે બીજાને જે વેદના થાય છે તે અમાપ છે ને આ વેદના સતત અંતરને કોતરતી રહે છે, ને છેલ્લે બીજું પાત્ર પણ આંતરિક રીતે રીબાઇ રીબાઇને જીવતાં પણ મરેલાની જેમ જ જીવે છે. સ્ત્રી વિધવા બને તો જીવી શકે છે, પણ પુરૂષ વિધુર બને તો લાંબો વખત જીવી શક્તો નથી. કુદરતે પણ પુરૂષ કરતાં સ્ત્રીનું આયુષ્ય લાંબુ આપ્યું છે.

ગોરધનભાઇની સ્વસ્થતા જોયા પછી મને થયું કે તેઓએ માનસિક રીતે એડજસ્ટમેન્ટ કેવી રીતે કર્યું હશે. પુરૂષ ભાંગી જ પડે પણ તેઓનામાં મેં ચેતન જોયું. મેં રસ્તામાં જ વાત કરી, પ્રોબ્લેમ વધતા જશે, હવે તમે શું કરશો ?

તેઓએ કહ્યું, 'પ્રોબ્લેમ હતો. વધ્યો પણ ખરો ને

હવે તે પૂરો થયો છે.'

તેઓની આ વાત મને જાણવાની ઇચ્છા થઇ કારણ કે મને આમાં અંગત રસ હતો. મારે જાણવું હતું કે આ કેવી રીતે શક્ય બને ? તેઓએ વાત કરતાં કરતાં કહ્યું, 'મને ભગવાન જ મદદ કરી રહ્યો છે. મારા બે બાળકો પરેશ અને જેસ્સિકાનો મારા પ્રત્યે અપાર પ્રેમ છે. તેઓની સાથે જ છું. ને વધારે ભાગ્યશાળી એ છું કે મારી પુત્રવધૂ હેતલ ખૂબ સારી, ડાહી છોકરી છે. મારી સંપૂર્ણ કાળજી લેવાય છે.'

અમેરિકામાં કે હવે ઇન્ડિયામાં દીકરો પરણે નહિ ત્યાં સુધી સારો, પણ પરણ્યા પછી દીકરો માબાપને કેટલું આપશે, કેટલું રાખશે કે સાચવશે આ મોટો પ્રશ્ન છે. અમેરિકાની ભૂમિમાં તો પુત્ર-પુત્રી ૧૮ વર્ષનાં થાય ત્યારે મા બાપને "હાય" કહીને ઊડી જતાં હોય છે ને 'મધર-ડે' કે 'ફાધર-ડે' ના દિવસે સુવાસ વિનાનાં ગુલાબનાં ફૂલોની સાથે માબાપને ભેટતાં હોય છે. (અમેરિકામાં ગુલાબના ફૂલોમાં બાહ્ય દેખાવ છે, સુવાસ ક્યાં છે ?) ગોરધનભાઈના ત્યાં પણ આવું જ હોય, એવું હું માનતો હતો કારણ કે અમેરિકાના એક હજારથી વધારે કટુંબોમાં હું જઈને, રહીને આવ્યો છું. દીકરા-દીકરીઓને ખૂબ નજીકથી જોયા છે. મા-બાપોની વેદનાઓ મેં નજીકથી વાંચી છે, અનુભવી છે. મા-બાપ તો દીકરાની જ પ્રશંસા કરે. દીકરો ગમે તેટલું રંજાડે, પજવે પણ માતાપિતા હરહંમેશા પોતાના દીકરાના ઉત્કર્ષ-પ્રગતિ માટે દુઆ કરતા હોય છે. ગોરધનભાઈની લાગણી દીકરા-દીકરી પ્રત્યે હોય તે તો સ્વાભાવિક છે પણ....

અમે ઘરે પહોચ્યા. રાબેતા મુજબ ઘર તેઓએ પોતાની ચાવી વડે ખોલ્યું. અહીં ઘરની બધી જ વ્યાક્તિઓ બારણાની ચાવીઓ પોતાની સાથે રાખે ને ખોલીને અંદર આવે. ઘણા ઘરોની બહાર 'કોલ બેલ' જ હોતો નથી. અંદર આવ્યા. ઘરમાં બધા હશે એવું હું માનતો હતો પણ કાંઈ દેખાયું નહિ, છેલ્લે તપાસ કરી તો 'હેતલ'(પુત્રવધૂ) ઉપર જ હતી. થોડીવારે તે નીચે આવી. હેતલે અમારા માટે રસોઇ બનાવી રાખી હતી. ઇન્ડિયન રસોઇ, ગળી રોટલી, જલેબી, દાળભાત, પાપડ બધું જ તૈયાર ગરમ રાખેલું. ગોરધનભાઇએ કહ્યું, 'ચાલો જમી લઇએ.' અમે જમ્યા. હેતલે ખૂબ પ્રેમથી પીરસ્યું. હેતલને જોય: પછી મને અનેક જાતના વિચારો આવ્યા. હેતલ અમેરિકામા જન્મેલી, મોટી અહીં જ થઇ. ભણી પણ અહીં છતાં જરાયે અમેરિકન ન લાગે. ઇન્ડિયન જ લાગે. તેનું પ્રેમાળ વ્યક્તિત્વ, તેની મુખાકૃતિ ઉપર મદદની ભાવના તરવરતી હતી. બીજાને વધુ ઉપયોગી કેવી રીતે બનાય તેનું જ ધ્યાન રાખે. મેં કહ્યું, 'હેતલ, તું પણ અમારી સાથે જમી લે.' તેણે કહ્યું, 'પરેશ થોડો મોડો આવવાનો છે, એને મિટીંગ છે. એટલે એની સાથે જમીશ.'

જમી લીધા પછી હેતલે પોતાના લગ્નનું આલબમ મને બતાવ્યું. ને પછી લગ્નની કેસેટ પણ બતાવી. પાંચ-દસ મિનિટમા તો હેતલે મારી સાથે એવી આત્મીયતા જોડી દીધી કે જાણે વર્ષોના સંબંધો હોય. કેસેટ હું જોતો ને એમાં ગોરધનભાઇ-હીરાબેનનો રોલ જોતો ને જુદું જ ચિત્ર મારા મગજ ઉપર ઊભું થતું હતું. ગોરધનભાઇ તો ઊંઘી જ ગયા. હેતલે કહ્યું, 'પપ્પાને જમ્યા પછી થોડો આરામ કરવો પડતો હોય છે.'

અડધા કલાક પછી અમે ફરવા નીકળ્યા. વોકીંગ માટે. હેતલ-ગોરધનભાઇ દરરોજ વોકીંગ કરે. વોકીંગ કરવાનું મને પણ ગમતું, જેથી હું પણ જોડાયો. ઘરની બહાર નીકળતાં જ ઘરના બારણે ગુલાબના છોડને વળગી પડેલાં ફૂલો જોઇને હેતલને થયું, પપ્પા, 'આ ફૂલો આપણે જય માટે લઇ જઇએ.' ફુલને હું સૂંઘતો તો એમાં સુવાસ ન હતી. ડાળીમાં ધારદાર કાંટા હતા. ઇન્ડિયામાં તો ગુલાબનાં ફૂલ નાનાં નાનાં, પણ એમાં સુવાસ જ સુવાસ હોય. ફૂલ કરમાઇ ન જાય ત્યાં સુધી લોકો સૂંઘ્યા જ કરે, જ્યારે અહીં માત્ર બાહ્ય દેખાવ, અમને શિકાગોના માનવસેવા મંદિરમાં મોટા મોટા સરસ ગુલાબ આપેલા. હાથમાં લેતાં જ મને ગમી ગયેલાં, પણ નાક સાથે જોડતાં મને લાગ્યું કે આમાં તો સુવાસ જ નથી. ગુલાબ અને અમેરિકા વિષે ઘણા બધા વિચારો આવ્યા. ખેર, હવે જવા દો એની વાત નથી કરવી. ફૂલો ડાળીઓ સાથે કાપીને અમે લઇને નીકળ્યા. ગોરધનભાઇએ ડાળી ઉપરના કાંટા કટર વડે બધા કાપ્યા, ને તેના ઉપર સરસ મઝાનો રંગીન કાગળ લગાડ્યો. જય ના ત્યાં, જય નજીકમાં રહેતો. તેની મમ્મી મીનાબેન. મીનાબેન ગોરધનભાઇના ત્યાં કામ

', કરતાં, ને અગાઉ હું આવ્યો ત્યારે મારો થોડાં મીનાનો પણ પરિચય થયેલો. 'જય'ની દાદી પંદર દિવસ પહેલા જ અવસાન પામેલાં, જેથી જયનો બર્થડે ઉજવવાનો મુશ્કેલ હતો, પણ હેતલ ચિંતા કરે. 'પપ્પા આપણે જ આવતી કાલે-આપણે ત્યાં સરપ્રાઇઝ જયનો બર્થ ડે ઉજવીએ.'

વોકીંગમાં વાતો કરતાં કરતાં આગળ વધતા હતા. ગોરધનભાઇ સાયન્સ્ટીસ્ટ, જેથી રસ્તા આવતાં ઝાડ, ફૂલ, છોડવાઓનો પરિચય આપે. અમેરિકામાં વૃક્ષો, ઝાડીઓ ખૂબ, પણ મેં ક્યાય પક્ષીઓનો કિલકિલાહટ સાંભળ્યો નહિ. ઈન્ડિયામાં નાના સરખા ઝાડ ઉપર બધી, ચકલીઓ, કાબરો ચીં ચીં... કરીને માથુ પકવી નાંખે, મચી જ પડી હોય. હેતલને તો રસ્તામાં આવતા બધા જ વૃક્ષોનો પરિચય થઇ ગયેલો. રસ્તામાં નવા નવા ઘરો બનતા હતા. શરૂથી ઘર કેવી રીતે બને છે, તેનું પ્રત્યક્ષ જ્ઞાન ગોરધનભાઇએ આપેલું. 'ઘર કેવું જોઇએ' - નાની નાની બાબતો ગોરધનભાઇ દરરોજ હેતલને શીખવે. માતા પોતાના બાળકને જેવી રીતે ઘડે છે, તૈયાર કરે છે તેવી જ રીતે ગોરધનભાઇ પોતાની પુત્રવધૂ હેતલને તૈયાર કરી રહ્યા હતા. આ જોઇ મને થતું કે માતા-પિતા તો પોતાના બાળકને તૈયાર કરે પણ દરેક સસરા પોતાનું સસરાપણું છોડીને ઘરમાં આવેલ પોતાની પુત્રવધૂને દીકરીથી વિશેષ પ્રેમ આપીને તૈયાર કરે તો 'ઘર સ્વર્ગ બને' ને ક્યારેય કોઇ પ્રશ્ન ઘરમાં ન જન્મે.

હેતલનું વ્યક્તિત્વ જ મને અલગ લાગ્યું. પુત્રવધૂ જેવું નહિ, પણ દીકરી જેવું. દીકરી પોતાના પિતા સાથે જે રીતે વર્તે, પ્રેમ કરે, મદદરૂપ બને તેનાથી વિશેષ હેતલમાં હતું. હેતલ ગોરધનભાઇને જે રીતે મદદ કરતી હતી, તેનું વર્ણન અશક્ય છે. અત્યંત આત્મીયતા, લાગણી પણ એટલી જ. તાદાત્મ્યતા અપાર. અડધા અડધા કલાકે કંઇને કંઇ લાવીને ખવડાવી દે. ઘડીમાં ફળ લાવે તો થોડીવારમાં આઇસ્ક્રીમ ને રાત્રે પણ મોડી સૂઇ જાય. પરેશને મદદ કરે તે તો સ્વાભાવિક છે, પણ પોતાના સસરાને આટલી બધી મદદ કરતી જોયા પછી મને ખરેખર હેતલ પ્રત્યે આદર ઊભો થયો.

હેતલની સાથે મારી વાત થઇ : હેતલ, પપ્પાને કોણ સાચવશે, તારે જ સાચવવાના છે. હેતલે કહ્યું, 'અંકલ, પપ્પા એ મારા પપ્પા છે, સસરા નથી. તેઓની પાસે એટલું બધું જ્ઞાન, શક્તિ, ભક્તિ છે, જે અમારી પાસે ક્યાંથી હોય ? અમારે તેઓના જીવનમાંથી ઘણું શીખવાનું છે, ને આ ઉંમરે જે મુશ્કેલી આવી છે, એ હું જાણું છું, સમજું છું. ને હું કદી પપ્પાને જરાયે ઓછું લાગે તેવું કરવાની નથી. પપ્પાની સાથે ફરવા જવાનું, પપ્પાના કામમાં મદદરૂપ બનવું આ તો હું કરું છું પણ અંકલ, પપ્પાનું હૃદય કેટલું કોમળ છે ને કેટલી બધી ધાર્મિક-આધ્યાત્મિક લાગણી છે. આ બધું તેઓના લલાટ ઉપરથી દેખાઇ આવે છે.

ગોરધનભાઇએ વૈજ્ઞાનિક તરીકે અનેક રીસર્ચ પેપરો બહાર પાડ્યા છે. વિજ્ઞાનનો અભ્યાસી ભાષા ઉપર ચિંતન-જતન કરે, આ માની ન શકાય પણ ગોરધનભાઇએ ગુજરાતી ભાષા ઉપર પોતાના જે મૌલિક વિચારો રજૂ કર્યા છે. આવી મૌલિકતા 'સાહિત્યાકારો' પાસે પણ મેં જોઇ નથી. તેઓએ જીવનનું ચિંતન ખૂબ ઊંડાણથી કર્યું છે.

૬૦ વર્ષે તેઓ જીવનની વાસ્તવિકતા સમજી ગયા. સત્યને તારવ્યું. 'એકલતા' કોરી ન ખાય તે માટેનું એડજેસ્ટમેન્ટ કર્યું ને તેઓના જીવનમાં હેતલે જે સુવાસ રેડી છે તે અદ્‌ભુત છે. અમેરિકામાં જન્મેલા ને મોટા થયેલા ગુલાબોમાં બાહ્ય સુંદરતા, દેખાવ જોવા મળશે પણ આ ગુલાબોમાં સુવાસ નથી. સુવાસ અહીં ઊંડી જતી મેં જોઇ, પણ હેતલમાં જે સુવાસની મ્હેંક આવી રહી છે, તે ગોરધનભાઇના જીવન સાગરને પ્રફુલ્લિત બનાવી રહી છે.

મને એમ થાય છે કે અમેરિકાના પરિવારોમાં આવી સુવાસ ફેલાય તો એકલતા વચ્ચે પીડાતાં માતા પિતાને જીવન જીવવાનો નવો જ રાહ પ્રાપ્ત થાય. અહીં ઊભરાઇ રહેલાં મંદિરો ને એમાં માતા પિતાની ભીડ પણ ઓછી થાય.

પણ ગુલાબમાં સુવાસ રેડશે કોણ ? મેં મારા પ્રવાસ દરમિયાન ગુલાબનું સુવાસિત ફૂલ જોયું ને તે હેતલ.

- ૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી,
મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨.